# શુભ દિપાવલી



વિકલાંગ મહિલા સશક્તિકરણ અંતર્ગત સાધન સહાય વિતરણ



મા. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાથે મુલાકાત



સ. સુ. ખાતાના શ્રી નૈનવાલે સાહેબની સંસ્થા મુલાકાત


વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ ઓક્ટોબર-૨૦૧૭

અંક નં. ૫૮




રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનાં મા. મંત્રીશ્રી આત્મારામભાઈ પરમાર સાથે યોજાયેલ મીટિંગ



શ્રી અંતુભાઈ રાવળની ચિરવિદાય


હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly

Date of Publication : 15 October - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



# બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશ્નરની મુલાકાત

તા. ૨૧-૯-૧૭ ગુરુવારના રોજ બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશ્નરશ્રી જયોફ વેન, અને તેમના પોલિટિકલ એડવાઈઝર અમી રાણિંગા, પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓની મુલાકાત માટે પધાર્યા હતાં. મુલાકાત દરમ્યાન, વિવિધ સંસ્થાઓમાં ચાલતી વિકલાંગતા અટકાવવા માટેની પ્રિવેન્શન અને પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓ તથા સ્પે. શિક્ષણ કાર્ય જોઈને તેઓ પ્રભાવિત થયાં હતાં. સાથો-સાથ તેઓએ નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમાં ચાલતાં, પી.એન.આર. ના ‘રૂબેલા પ્રોજેકટ’ ની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે, દરેક સંસ્થાના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને, મહેમાનોનું સ્વાગત તથા વાર્તાલાપ કરેલ.
















# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- INDEX . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . ૦૪
- શ્રી ભૂપેન્દ્રસિંહજી સાથે મુલાકાત . ૦૫
- શ્રી આત્મારામભાઈ સાથે મુલાકાત . ૦૫
- નૂતન વર્ષાભિનંદન. . . . . . . . . ૦૫
- મૌલિક સર્જન પ્રદાન કરનાર શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ . . . ૦૬
- ફેમિલી ફોરમ. . . . . . . . . . . . ૦૬
- પ્રેરણા દાયક અભિપ્રાય. . . . . . . ૦૬
- DWE અંતર્ગત રાધન સહાય વિતરણનો કાર્યક્રમ . . . . . . . . . ૦૭
- ઘેઘુર વડલાની છાયા તળે. . . . . . ૦૭
- શ્રી નૈનવાલસાહેબની મુલાકાત . . ૦૮
- શાળા પ્રવેશોત્સવ . . . . . . . . . ૦૮
- અતિવૃષ્ટિ સહાય. . . . . . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૦
- સ્વ. અન્તુભાઈ રાવળને શ્રદ્ધાંજલી . ૧૧
- સ્વાતંત્ર્ય દિનની ઉજવણી. . . . . . ૧૫
- કૃષ્ણ જન્મોત્સવ ઉજવણી. . . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . ૧૬
- બહેરાં-મૂંગા શાળામાં શિક્ષક દિનની ઉજવણી . . . . . . . ૧૭
- બહેરાં મૂંગા શાળામાં યોજાયેલ સ્વાઈન ફ્લૂ અવેરનેસ પ્રોગ્રામ . . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- PNR ની મન્થલી મીટિંગ. . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ઝિંદાદિલ વ્યક્તિત્વની વસમી વિદાય...

છેલ્લાં કેટલાક સમયથી દર રવિવારે, નિયમિત રીતે મારા સહિત તમામ ટ્રસ્ટીઓને મોબાઈલ પર અવાજ સંભળાતો, **"હું અન્તુ રાવળ બોલું છું, તમે મઝામાં ?"** આ અવાજ હવે આપણને કદીએ સાંભળવા નહીં મળે!!!

૯૧ વર્ષની ઉંમરે, લડાયક યોધ્ધા જેવું વ્યકિતત્વ અને સરળ-સાદગી પૂર્ણ જીવન જીવતાં, **'અનંત ત્રિપુટી'** માંના એક, અનંતરાય રાવળનો આપણી સન્મૂખ રહેતો ચેહરો, હવે તસ્વીરની ફ્રેમમાં અંકિત થઈ ગયો છે.

છેલ્લાં ૭૦ વર્ષથી આપણી વિકલાંગોની સંસ્થાના પાયાના પત્થર, સેવા અને અન્યાય સામે સંઘર્ષ કરવામાં પોતાનું જીવન ન્યોછાવર કરનારું, આવું **ઝિંદાદિલ વ્યકિતત્વ,** સામાજીક જીવનમાં ભાગ્યેજ જોવા મળે છે. તેમના જવાથી, પી.એન.આર. અને તેની સંલગ્નિત સંસ્થાઓએ એક લીડર, માર્ગદર્શક અને સાથી ગુમાવ્યાથી, બહુ મોટી ખોટ પડી છે.

આપણે એમના અધુરાં કાર્યોને પૂરાં કરીએ અને ઈશ્વર એમના આત્માને પરમશાંતિ આપે એજ પ્રાર્થના...

**ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

**કિરીટ રાઠોડ**

Be the change
that you wish to see in the world.


**- Mahatma Gandhi**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૫૮**
  ૧૫ ઓક્ટોબર - ૨૦૧૭
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



K. D. PADIA

### ❖ ICT-2, A great leap forward

The Nataraj Training College & Research Center of the PNR Society had the pleasure of hosting second Information & Communication Training (ICT-2) on 3rd September 2017 when the staff continuously engaged in care, treatment, education, vocational training and guidance and above all, rehabilitation of disabled (Divyangs) of the PNR Society and its associated institutions were exposed to seven presentations by distinguished experts in which interesting examples stunned the audience. The speakers were felicitated by the management of the PNR Society which hoped, the knowledge thus gained by the staff will go a long way to accelerate the rehabilitation of Divyangs, a noble mission on hand.

### ❖ KLID Roundup

Began with Praveshotsava, the K. L. Institute for the Deaf (KLID) celebrated 'Teachers' Day', the Independence Day, World Deaf Day 'Navratra' with gaity. Shri Ashwin Pandya, Secretary met Shri Atmarambhai Parmar, Minister for Social Justice and Empowerment of Gujarat and Shri Bhupendrasinhji Chudasama, Minister for Education of Gujarat and presented matters of interest to the Special School for the Deaf. The KLID organised Swine Flue awareness programme and its staff attended ICT-2 organised by PNR Society.

### ❖ 'Ankur' Excels

Having won 10 first prize, 19 second prize and 16 third prize in **Khel Mahakumbh** marked its presence as a dynamic school for Mentally Retarded. It celebrated all festivals and Independence Day. Besides, 'Ankur' organised workshop for parents of these children in which matters concerning sexual problems encountered by these special children.

### ❖ C. P. School takes a fine lead

The adventure picnic and exhibition of things prepared by C. P. Children have been hall-marks of the Cerebral Palsy (C.P.) School. Besides celebrating festivals, Teacher's Day and Independence Day, 65 C. P. Children participated in **Khel Mahakumbh** and bagged 19 prizes. The school took initiative of SBM (Swachchh Bharat Mission) awareness and cleaned the campus.

### ❖ Disabled Women Empowerment

Under Smt. Jyotiben Dalal Disabled Women Empowerment Project, 13 sewing machines and 4 beauty parlour kits were distributed among disabled women who were rendered training for sewing and beauty parlour, in presence of leading local ladies for women's empowerment.

### ❖ Relief Assistance

The office-bearers of the PNR Society and its associated institutes contributed Rs. 25,000/- to the Relief Fund raised for Banaskantha victims of floods and heavy rains.

### ❖ Other Activities

The services of PNR Hospital, rural sector prevention of disability programmes, case study, family forum activities, donation, visits and useful information for Divyangs are included in this issue.



# મા. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાથે મુલાકાત



સંસ્થા સંચાલિત માધ્યમિક શાળા ૨૦૦૮ માં ગ્રાન્ટેડ થયા છતાં, આજ સુધી આચાર્ય અને શિક્ષકોની ભરતી કરવા માટે, એન.ઓ.સી. મળેલ નથી. સંસ્થા ધ્વારા આ માટે સતત પ્રયત્નો થતાં રહયાં છે. તાજેતરમા આજ બાબતે માન. શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (ચેરમેનશ્રી, યાત્રાધામ બોર્ડ) માન. પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહના પ્રયત્નોથી, માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાથે મિટીંગ થઈ, જેમા મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને ઓ.એસ. શ્રી સુર્યકાંતભાઈ ચાવડા ઉપસ્થિત રહેલ. માન. મંત્રીશ્રીએ એકદમ હકારાત્મક પ્રતિભાવ સાથે, કામ થઈ જવાની ખાત્રી આપી છે. આશા છે કે વહેલી તકે એન.ઓ.સી. મળશે તેથી આચાર્ય, શિક્ષકો મળશે, જેથી દિવ્યાંગ બાળકોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં, નવા શિખરો સર કરી શકીશું.

# રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનાં મા. મંત્રીશ્રી આત્મારામભાઈ પરમાર સાથે યોજાયેલ મીટિંગ

આપણી દિવ્યાંગ બાળકોની સેવારત સંસ્થાના, લાંબા સમયથી અનિર્ણીત પ્રશ્નો બાબતે નિયામકશ્રી, સચિવશ્રી, મંત્રીશ્રી કક્ષાએ, અનેક રજુઆત, મુલાકાત, મીટિંગ છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતાં, સંસ્થાના શુભેચ્છક મિત્ર શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (ચેરમેનશ્રી, યાત્રાધામબોર્ડ) ના પ્રયત્નોથી તા.૨૨.૦૮.૨૦૧૭ ના રોજ, માનનીય મંત્રીશ્રી સાથે એક મીટિંગનું આયોજન થયું, જેમાં પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ઓ.એસ. શ્રી સુર્યકાંતભાઈ ચાવડા ઉપસ્થિત રહેલ.

મંત્રીશ્રી અશ્વિનભાઈએ સંસ્થાના પ્રશ્નોની રજુઆત કરતાં અનુરોધ કર્યો કે આ બધીજ બાબતો માટે, આપની અધ્યક્ષતામાં સચિવશ્રી, નિયામકશ્રીની ઉપસ્થિતિમાં એક મીટિંગ કરાવી આપો, જેથી સામસામે બેસી, દિવ્યાંગ બાળકોની સેવામાં અડચણરુપ પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય. મા. મંત્રીશ્રીએ આ માટે તા.૨૯.૦૮.૧૭ પાંચ વાગ્યાનો સમય આપેલ તદ્નુસાર મીટિંગનું આયોજન થયું, મળાયું. માનનીય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસચિવશ્રી કમલ દયાની સાહેબ, સમાજ સુરક્ષા ખાતાના નિયામકશ્રી ઠાકર સાહેબ, નાયબ નિયામકશ્રી મિનાબેન શુકલ અને સમગ્ર બ્રાન્ચ સ્ટાફની ઉપસ્થિતિમાં, સંસ્થા વતી પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ઓ.એસ. શ્રી સુર્યકાંતભાઈ ચાવડા ઉપસ્થિત રહેલ. સંસ્થાની પાંચ વર્ષથી અટવાયેલ મકાન ભાડાની ગ્રાન્ટ ચુકવી આપવા, તેમજ આચાર્યશ્રીની ખાલી પડેલ જગ્યા ભરવાની મંજુરી આપવાનો નિર્ણય લેવાયો. જયારે ખાલી પડેલ અન્ય જગ્યાઓ તથા કરાર આધારિત જગ્યાનું વેતન સુધારવા, તેમજ રદ થયેલ ૨૪૯ જગ્યાઓ પુનઃજીવિત કરવા બાબતે હકારાત્મકતા થઈ હતી. વહેલી તકે તેનો પણ ઉકેલ આવી જશે તેમ જણાવેલ.

**નૂતન વર્ષાભિનંદન**

**નૂતન વર્ષ આપને અને આપના સૌ પરિવારજનોના જીવનમાં સુખ.... શાંતિ... શકિત... સંપત્તિ... સફળતા... સમૃધ્ધિ... સુસંસ્કાર... સ્વસ્થતા... સન્માન... અને સ્નેહથી હર્યું ભર્યું અને આનંદપૂર્ણ બની રહે, અને ઈશ્વર સર્વોને વધુને વધુ માનવતાના કાર્યો કરવાની પ્રેરણા અને શકિત પુરી પાડે તેવી શુભ કામનાઓ...**



**ટ્રસ્ટી અને કાર્યકર્તાઓ**

● પી.એન.આર. સોસાયટી ● ખી. લ. બહેરાં મૂંગા શાળા ● કે. કે. અંધ ઉદ્યોગ શાળા ● 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ● દરબારગઢ વોર્ડ નવજવાન સંઘ

# ICT-2 માં મૌલિક સર્જન પ્રદાન કરનાર શિક્ષકો દ્વારા તાલિમ તેમજ સન્માનનો દ્વિવિધ કાર્યક્રમ

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ ટ્રેઈનિંગ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના કોન્ફરન્સ હોલમાં તા.૩/૯/૧૭ ના રોજ, ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી **(ICT)** અંગેના એક રાજયકક્ષાના દ્વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રથમ ભાગમાં પ્રો.શ્રી ડી.જે. ધંધુકિયાના સ્વાગત પ્રવચન અને પ્રો.શ્રી નવનીતભાઈ રાઠોડની સવિસ્તાર વિષય સમજૂતી પશ્ચાદ, કોમ્યુનિકેશન ટેકનોલોજીના સાત વિષયો પર તેમના તજજ્ઞો સર્વશ્રી ડૉ. અમિતભાઈ માલી, પ્રો. ડૉ. દિલીપભાઈ બારડ, શૈલેષભાઈ ભટ્ટ, ડૉ. નિરજભાઈ રાજયગુરુ, સુખદેવભાઈ હિંગુ, કલ્પેશભાઈ ચોટલિયા, ઉજમશીભાઈ ખાંદલા દ્વારા, પોતાના કાર્યની પ્રસ્તુતિ લેપટોપ, પ્રોજેક્ટર દ્વારા રસપ્રદ રીતે કરવામાં આવેલ. જેમાં તેઓએ કરેલાં કાર્યના મોટા જથ્થામાંથી, રોચક અને ઉપયોગી ઉદાહરણો આપ્યાં હતાં. જેને જીજ્ઞાસાપૂર્વક ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકોએ શિખવા-સમજવાનો પ્રયત્ન કરેલ હતો અને જરૂર લાગી ત્યાં પ્રશ્નોત્તરી કરેલ હતી. આ તાલિમના કારણે વર્ગ શિક્ષણ સમૃધ્ધ અને આધુનિક બનશે.

કાર્યક્રમના દ્વિત્તિય ભાગ **''સન્માન સમારોહ''** માં ડૉ. ડી.જે. ધંધુકિયાના સ્વાગત પ્રવચન બાદ સર્વશ્રી ડૉ. અમિતભાઈ માલી, પ્રો. ડૉ. દિલીપભાઈ બારડ, શૈલેષભાઈ ભટ્ટ, ડૉ. નિરજભાઈ રાજયગુરુ, સુખદેવભાઈ હિંગુ, કલ્પેશભાઈ ચોટલિયા, ઉજમશીભાઈ ખાંદલા તથા તેઓશ્રીના પરિવારનું પૂષ્પગુચ્છ અર્પણ, શાલ ઓઢાડી, સન્માનપત્ર અર્પણ કરી, સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), અનંતભાઈ એ. શાહ (મફતભાઈ),



પારસભાઈ શાહ, એચ.પી. રાખશિયા, કિરીટભાઈ રાઠોડ, પ્રો. ડી.જે. ધંધુકિયા અને ટેકનોસેવી પ્રો. નવનીતભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું. અધ્યક્ષ સ્થાને સંસ્થાના મંત્રી શ્રી બાબાભાઈએ, 'ગાંઠના ગોપીચંદથી પોતાના સમયમાં મગજનો કબજો કરેલ, તેવા **''હેપ્પી ટુ હેલ્પ''** ના વિચારને સાર્થક કરવા કરેલાં પ્રયત્નને બિરદાવ્યો. આ જ્ઞાન દિવ્યાંગોના શિક્ષકો પચાવે અને પ્રસાર સ્ત્રોત બની, બધીજ વિકલાંગતા ધરાવતાં બાળકો સુધી પહોંચાડે તેવી અપીલ કરેલ.' સંકલન અને સંચાલન માટે લીધેલ જહેમત બદલ, હાજર સૌ કોઈએ **''સ્ટેન્ડિંગ ઓવેશન''** આપી તાળીઓના ગડગડાટ સાથે પ્રો. નવનીતભાઈ રાઠોડનું અભિવાદન કરેલ હતું. દાતા શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ તથા શ્રીમતી રશ્મીબેન પી. પારેખ પરિવારના સૌજન્યથી આ કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. નવનીતભાઈ રાઠોડ તથા આભાર દર્શન સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ.

## ફેમિલી ફોરમ

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના કાર્યકર્તાઓ અને કર્મચારીઓમાં એકતા અને પરસ્પર સંવાદિતા / સૌહાર્દ જળવાય તે માટે, **'ફેમિલી ફોરમ'** નો કાર્યક્રમ નટરાજ ઓડિટોરીયમમાં તા. ૨૭/૮/૧૭, રવિવારના રોજ સંપન્ન થયેલ. સંસ્થા પરિવારના આ કાર્યક્રમમાં ગુજરાતી હાસ્ય નાટક **''કેરી ઓન લાલુ''** સી.ડી. - પ્રોજેક્ટર દ્વારા દર્શાવવામાં આવેલ હતું, જેને સંસ્થાના સભ્યોએ મન ભરીને માણ્યું. બહેનો તથા બાળકોએ હાસ્યની છોળો ઉડાડી હતી. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે ખાસ જહેમત લઈ આ કાર્યક્રમ યોજેલ, સૌ કોઈએ કાર્યક્રમ માણી, સુરૂચિ પૂર્ણ ભોજન લઈ, પરિવારે ફરી મળવા વિદાય લીધેલ હતી.

## પ્રેરણા દાયક અભિપ્રાય

સંસ્થાની મુલાકાત લેતા અમૂક એવી બાબતો ધ્યાને આવી જે સમગ્ર ગુજરાતના સી.પી. બાળકોના ઉપચાર, દિશા નિર્દેશ તથા વિકાસ માટે ઉપયોગી નિવડી શકે તેમ છે. સંસ્થા દ્વારા ચાલતાં વિવિધ કાર્યક્રમો કે જે ગ્રામ્ય સ્તર સુધી ચલાવવામાં આવે છે, તે ખૂબ જ આવકારદાયક અભિગમ થાય છે. સંસ્થાનો સતત વિકાસ થાય...

**- બી. જી. નયનવાલે**

હિસાબી અધિકારી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.

# વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના અંતર્ગત સાધન સહાય વિતરણનો કાર્યક્રમ



ભાવનગરની પી.એન.આર. સોસાયટી, **વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના** અંતર્ગત નટરાજ કોલેજ ખાતે, વિકલાંગ બહેનોને સિવણ અને બ્યુટી પાર્લરની તાલિમ અપાય છે. આ વર્ગમાં તાલિમ મેળવેલી બહેનોને ૧૩ સિલાઈ મશિન તથા ૪ બ્યુટી પાર્લર કિટ વિતરણનો કાર્યક્રમ તા.૧૬-૯-૧૭ ના રોજ યોજાય ગયો.

મુખ્ય મહેમાન શ્રી તોરલબેન મહેતા, **ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન** (યુ.એસ.એ.), તથા સર્વશ્રી ડૉ. અરૂણાબેન પારેખ, ભાવનાબેન રાવળ, જાગૃતિબેન શાહ, પુષ્પાબેન ભટ્ટ, જીજ્ઞાબેન શાહ, મિનાક્ષીબેન ભટ્ટ, બિન્દીબેન ત્રિવેદી વિગેરે મહિલા કાર્યકરો અને સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), ડૉ. ડી.જે. ધંધુકિયા (ચેરમેન, DWE પ્રોજેકટ), મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા (કે.એલ.), શ્રી જીતુભાઈ મહેતા, શ્રી પારસભાઈ શાહ, શ્રી મફતભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા તથા દિવ્યાંગ તાલિમાર્થીઓ, લાભાર્થીઓ તથા તેમના વાલીઓ અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં. ડૉ. ડી.જે. ધંધુકિયાના મહિલા સશકિતકરણના પ્રોજેકટના પરિચય અને સ્વાગત પ્રવચન બાદ શ્રી નરેશભાઈ અજમેરાએ સિવણ અને બ્યુટી પાર્લરના તાલિમના લાભાર્થીઓની અંતરિયાળ ગામડામાંથી ખોજ, તેઓના પ્રશ્નો, પિડાઓ અને સંઘર્ષ સાથે તાલિમ અને સાધનો પ્રાપ્ત કર્યાની વાત કરી હતી. મુખ્ય મહેમાન શ્રી તોરલ બહેને, શ્રીમતી જયોતિબેન દલાલનું સ્મરણ કરતાં ભાવવશ થઈને, 'અબળા-પિડીતા-શિવા શકિત માટે પી.એન.આર. સોસાયટીમાં થયેલ સાધન સહાય વિતરણ કાર્યની પ્રસંશા કરતાં, સ્ત્રી શિક્ષક પણ છે અને સ્ટુડન્ટ પણ છે', એવી વાત કરી હતી.આ પ્રસંગે સર્વશ્રી ભાવનાબેન, બિન્દીબેને પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ હતાં.

સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) એ દિવ્યાંગ બહેનોને **"સંચા"** ની તાકાત સમજાવતાં ઉપસ્થિત સર્વે બહેનોને તાલિમ અને સાધનોનો ઉપયોગ કરી, પગભર થવા પર જોર આપ્યું. અંધશ્રધ્ધા અને અજ્ઞાન ત્યજીને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા સલાહ આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નરેશભાઈ અજમેરા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.

## ઘેઘુર વડલાની છાયા તળે...



ભાવેણાના વરિષ્ઠ મુત્સદી પૂર્વ નાણામંત્રી, સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી, સંસ્થાના સહૃદયી માર્ગદર્શક શ્રી પ્રતાપભાઈ શાહે તા. ૨૭।૦૯।૧૭ ના રોજ પી.એન.આર સોસાયટીની મુલાકાત લીધેલ હતી. સંસ્થાના મંત્રી શ્રી અનંત કે. શાહ અને ટીમ સાથે, શિશુવયથી પ્રૌઢ થતી આ સંસ્થાના વિકાસના સાક્ષી એવા શ્રી પ્રતાપભાઈ શાહે એન. જી.ઓ.ની વર્તમાન સમસ્યાઓ, સરકારશ્રીની નીતિઓ, શિક્ષણ અંગેના પ્રશ્નો અને દાન મેળવવામાં વધતી જતી મુશ્કેલી અંગે ચિંતા વ્યકત કરેલ. પ્રિન્ટ મિડીયા દ્વારા વિધાયક પ્રચાર સહાય આપવાનું આશ્વાસન આપી, સંસ્થાની ઉડીને આંખે વળગે તેવી પ્રગતિ જોઈ, આનંદ વ્યકત કરી, આશિષ આપેલ.

# સ. સુ. ખાતાના શ્રી નૈનવાલ સાહેબની સંસ્થા મુલાકાત



આપણી સંસ્થા, સમાજ સુરક્ષા ખાતા હેઠળની ગ્રાન્ટ ઈન એઈડ માન્યતા પ્રાપ્ત સંસ્થા છે, જેમાં વાર્ષિક હિસાબોનું ઓડિટ ખાતા દ્વારા દર વર્ષે કરવામાં આવે છે અને તેના અનુસંધાને સંસ્થાને કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર થાય તે નકકી થતું હોય છે, આમ ખૂબ અગત્યતા ધરાવતી આ પ્રક્રિયા હોય છે. જે માટે શ્રી ગામિતભાઈ અને શ્રી ગાવિતભાઈ સંસ્થામાં પધાર્યા અને ઓડિટ કાર્યવાહી કરેલ. ખાસ આ વખતે સમાજ સુરક્ષા ખાતાના વર્ગ-ર ના હિસાબી અધિકારીશ્રી નૈનવાલ સાહેબ, સંસ્થાની મુલાકાતે પધારેલ. જે અંતર્ગત તેઓએ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, ઔદ્યોગિક તાલિમ વર્ગો, ઓડિયો કિલનીક, લાયબ્રેરી, છાત્રાલય, પી. આર. વાધર સાધન સહાય કેન્દ્ર, એમ તમામ વિભાગોનું ઝીણવટભર્યું નિરિક્ષણ કર્યું હતું. શાળાના ઓડિટોરિયમમાં બાળકોની પ્રવૃત્તિઓને નિહાળી, તેમજ તેઓએ બાળકો અને કર્મચારીઓ સાથે વિચાર વિમર્શ કરેલ.

છેલ્લે તમામ શિક્ષક ભાઈ-બહેનો સાથે મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એક મિટીંગ કરેલ. જેમાં તેઓએ સંસ્થાના મેનેજમેન્ટની સૂઝ-બૂઝ, શાળાના ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરેની સરાહના કરી હતી. શૈક્ષણિક વિકાસમાં હજી વધારે સારું પ્રદાન કરવા માટે સંકલ્પ લેવડાવેલ. ખૂબજ હકારાત્મક આ મીટિંગમાં ઉપસ્થિત સૌ શિક્ષકોએ તેમનું આહ્‌વાન ઝીલી લઈ, તે પ્રમાણે કામ કરવા કટિબધ્ધ હોવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

# શાળા પ્રવેશોત્સવ




તા. ૨૪-૭- ને સોમવારે, શાળામાં નવા પ્રવેશ પામેલાં ભૂલકાઓનો પ્રવેશોત્સવ યોજાયેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા સાહેબ, શાળાના પૂર્વ આચાર્યશ્રી ચેતનાબેન કોઠારી તથા પૂર્વ શિક્ષક શ્રી કૈરવીબેન પધારેલ. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી ઈલાબેન, શ્રી પ્રજ્ઞાબેનની અધ્યક્ષતામાં યોજાયેલ, આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી, નાના બાળકોએ સુંદર અભિનય રજૂ કરી, સૌને મંત્રમુગ્ધ કરેલ. આ વર્ષે પ્રાથમિક શાળામાં કુલ ૬૧ બાળકોએ પ્રવેશ મેળવેલ છે. નવા આવેલાં વિદ્યાર્થીઓને શાળા તરફથી પાઠયપુસ્તક, તેમજ કંપાસની ભેટ આપવામાં આવેલ. નર્સરીના બાળકોને પાટી અને ચિત્રપોથી આપી, તેઓનું સ્વાગત કરાયેલ. શાળાના પ્રિન્સિપાલ શ્રી ઈલાબેને મહેમાનોનો પરિચય આપી, સ્વાગત કરેલ. શ્રી ભગિરથસિંહ તથા મંત્રીશ્રી અશ્વિનભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. આ પ્રસંગે સંસ્થાના વડીલ, સંસ્થામાં પ્રાણ પૂરનાર મોભી શ્રી બાબાભાઈએ નવા આવેલાં બાળકોને શુભેચ્છા આપેલ. કાર્યક્રમની આભારવિધિ શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ.

**સહાય** **તાજેતરમાં આપણાં ગુજરાતના બનાસકાંઠા વિગેરે વિસ્તારોમાં અતિવૃષ્ટિથી થયેલ ભયંકર તારાજીમાં સહાયરૂપ થવા, પી.એન.આર. સોસાયટી, ભાવનગર અને તેની સંલગ્નિત સંસ્થાઓ 'અંકુર', 'લોઢાવાળા હોસ્પિટલ' ના કાર્યકર્તાઓ અને કર્મચારીગણ તરફથી રૂા. ૨૫૦૦૦/- નો ચેક, જિલ્લા કલેકટરશ્રી ભાવનગરને, સંસ્થાના સહમંત્રી શ્રી કિરીટભાઇ રાઠોડ તથા ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઇ રાખશિયા દ્વારા અર્પણ કરાયો હતો. જેમાં રૂા.૫૦૦/- કે તેથી વધુ આર્થિક સહયોગ આપનારના નામ નીચે મુજબ છે. શ્રી શશીભાઇ વાધર-૨૦૦૦, શ્રી અનંતભાઇ કે. શાહ (બાબાભાઇ)-૧૦૦૦, શ્રી અનંતભાઇ એ. શાહ (મફતભાઇ)-૫૦૦, શ્રી કિરીટભાઇ રાઠોડ-૫૦૦, શ્રી હર્ષકાંતભાઇ પી. રાખશિયા-૫૦૦, શ્રી ડી. જે. ધંધુકિયા-૫૦૦, શ્રી પારસભાઇ શાહ-૫૦૦, શ્રી કે. ડી. પડિયા-૫૦૦, શ્રી રાજેશભાઇ હકાણી-૫૦૦, ડો. અશોક બારૈયા-૫૦૦, ડો. અમિત વાજા-૫૦૦ વગેરે.**



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



**PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન**

## ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-

પી.એન.આર. સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમિલિ ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ, નીચે ઓગષ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૭ - '૧૮ દરમ્યાન, તળાજાના હાજીપરની ઈશ્વરાનંદ શાળામાં, રૂબેલા રસીકરણ કેમ્પ કરેલ, તેમાં ધ દલાલ ફેમિલિ ફાઉન્ડેશન યુ.એસ.એ. તરફથી શ્રીમતી તોરલબેન ઉપસ્થિત રહેલ, તેમજ સુરેન્દ્રનગરની ભારત સેવક સમાજ સંસ્થા દ્વારા, **૦૪** શાળામાં **૩૦૦૦** બહેનોને રૂબેલા અવેરનેસ આપેલ છે.

## ૨) ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :



ઓગષ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૭ - '૧૮ માં ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, મહુવા તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત, PNR સોસાયટી પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, પ્રાથમિક શાળાનાં ૩૪૯૪૭ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૮૧૩ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય, તેને ૬૯૩ બાળકોને ચશ્મા વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, ૧૩ બાળકોને, કાનના પડદામાં કાણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

## ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૭ - '૧૮ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૧૧૪** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૧૨ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૪ કપાયેલાં હોઠના, ૩ તાળવામાં કાણાંના,** ૨ હાઈપોસ્પીડિયા, તેમજ **૩** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર, પીગમેન્ટેશન, ટેટૂ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૭ - ૧૮ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતી-ભાવનગર દ્વારા, **૨૪** નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં **૫૫૪** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપા વગેરે વિતરણ કરેલ હતું. **૫૦** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૮** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૧૪** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

## ૫) લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૭ - '૧૮ દરમ્યાન લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટરમાં, એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ડૉ.જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) તેમજ ડૉ. પ્રિતિ શાહ (ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા બાળકોની ત્રાંસી આંખ, પાંપણ

ઢળી જવી, આંખ સતત હલવી વિગેરે આંખની તકલીફો તેમજ આંખની અન્ય ખામીઓનું નિદાન-સારવાર વિનામૂલ્યે આપવામાં આવ્યું. આ કેમ્પમાં ભાવનગર જિલ્લા, તેમજ આજુ-બાજુનાં જિલ્લાઓમાંથી વાલીઓ તેમનાં બાળકોને લઈને આવ્યા હતા તેમાં **૪૮** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ, તે પૈકી **૧૦** બાળકોનાં ઓપરેશન કરી આપ્યાં. જેમાં ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલતી, Fundus & Refrection, Sac Syring વિગેરે સર્જરી તદ્દન ફ્રી ડૉ.જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવેલ.






# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા

## પી. એન. આર. હૉસ્પિટલ



**જૂલાઈ-'૧૭ થી ઓગસ્ટ-'૧૭ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૯૪ | ૨૬ (૫ પોલિયો) |
| આંખ | ૮૦૪ | ૨૧૯ |
| છારી કાઢેલ | - | ૨૮ |
| ઈ.એન.ટી. | ૭૩૭ | ૩૧ |
| ઓર્થોસ્કોપી | ૫૩ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૬૭ | ૨૧ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૯ | ૬ |
| ડેન્ટલ | ૧૯૩ | ૯૨ |
| જનરલ ઓપીડી | ૧૬૦૬ | - |
| હોમિયોપેથી | ૩૬૮ | - |
| એક્ષ-રે | ૧૯૦ | - |
| લેબોરેટરી | ૬૭૫ (દર્દી) | ૧૬૦૭ (ટેસ્ટ) |
| ત્રાંસી આંખ | ૫૦ | ૨૦ |
| રસીકરણ | ૬૮ | - |
| ચામડી | ૬૫ | - |
| સાયકાટ્રિક | ૪ | - |
| ઓર્થો ડેન્ટલ | ૧૦ | ૧૦ |




હૈદરાબાદ સ્થિત સંજયભાઈ કે. જાદવાણી તરફથી રૂા. ૨૫,૦૦૦/- પ્લાસ્ટિક સર્જરી માટે ગરીબ દર્દીને રાહત આપવા હેતુથી, ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયાને તા.૨/૯/૧૭ ના રોજ ચેક રૂપે અર્પણ કરાયેલ છે. તથા ડૉ. નરેશ વાધવા તરફથી પ્લાસ્ટિક સર્જરીના ઓપરેશનમાં વપરાતાં સાધનોની કિંમત રૂા. ૨૫,૦૦૦/- ડોનેશનમાં મળેલ છે.

**અભિપ્રાય**

આજ રોજ સંસ્થાની મુલાકાત લીધી. સી.પી. બાળકો, ઓટિઝમ બાળકો માટે અદ્યતન પધ્ધતિ, સાધનો દ્વારા તાલિમ અપાય છે, સેવા થાય છે. જીજ્ઞાબેન જે અહીંના આચાર્યા છે, તેઓ બાળપણથી આજ સુધીની ઊંડી સમજ તથા જ્ઞાન ધરાવે છે. ખૂબ જ રસ લઈ સંસ્થા દર્શન કરાવ્યું. રસપ્રદ ચર્ચા કરી. તેમની સૂઝને સલામ - સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુને પ્રાર્થના.

**- નીરૂબેન રાવળ**

મંથન અપંગ કન્યા સેવા સંકુલ, મુ. હાજીપુર, તા. કલોલ.



વિચાર મગ્ન ક્ષણોમાં...

# સ્વ. અન્તુભાઈ રાવળ

સ્વ. અનંતરાય હરીશંકર રાવળે, ૯૧ વર્ષની જૈફ વયે, ટૂંકી માંદગી બાદ, તા. ૧૪-૯-૧૭ ના રોજ આપણી વચ્ચેથી વિદાય લીધી. રેલ્વે ગાર્ડ તરીકેની નોકરીની સાથો-સાથ, સમાજ સેવા અને વિકલાંગોની સેવામાં જિંદગી ન્યોછાવર કરનાર **'સ્વ. અનંત રાવળ'** ને તેના અંતરગ સાથીઓ અને સંસ્થાઓએ આપેલી શ્રધ્ધાંજલીઓમાં તેમનું સમગ્ર વ્યકિતત્વ અને તેમના કાર્યો વ્યકત થાય છે. સ્વ. અનંત એચ. રાવળ, શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) એ **'નવજવાન વોર્ડ'** ની સ્થાપનાથી સાથે સેવાના કાર્યો કર્યા, માટે લોકો તેમને પ્રેમપૂર્વક **'અનંત ત્રિપુટી'** કહેતાં.

''અંતુભાઈ જુદી માટીના માનવી હતાં. તેઓ માર્કસવાદી ડાબેરી વિચાર ધારાના પ્રખર હિમાયતી, તેના માટે જીવ્યા અને તેના માટે મર્યા. તેમનો સ્વભાવ અન્યાય સામે અવાજ ઉઠાવવાનો, લડવાનો, કચડાયેલાં, પિસાયેલાં, દરિદ્રો માટે કાંઈક કરી છૂટવાની ભાવના હતી. અમારી સાથે, નવજવાન સંઘની સ્થાપના વર્ષ ૧૯૫૪ થી જોડાયાં અને સમાજ સેવાના રંગથી રંગાયા. ૧૯૬૦ થી બહેરાં-મૂંગા શાળા, લોઢાવાળા હોસ્પિટલ, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, પી.એન.આર., નટરાજ વિગેરેની સ્થાપનામાં, તેમનો અમૂલ્ય સહયોગ હતો. ઉપરોકત સંસ્થાઓના **અત્યાર સુધીના લાભાર્થીઓના સંખ્યા ૧૧ લાખથી વધુ છે**, જે તેમના જીવનની સાર્થકતા બતાવે છે. **'અનંત ત્રિપુટી'** આજે ખંડિત થઈ છે.''

**- શ્રી અનંત કે. શાહ (બાબાભાઈ)**



વડીલ કાર્યકરો સાથે...

" સ્વ. અનંત રાવળ, સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર અને સ્પષ્ટ વકતા તથા નૈતિક હિંમતને કારણે પોતાનો અંગત અભિપ્રાય નિઃસંકોચપણે રજૂ કરનાર, જિંદગીના છેલ્લાં શ્વાસ સુધી, નિઃસ્વાર્થભાવે સંસ્થાની સેવા કરનારા, મીઠાં સંભારણાં મુકી ગયા છે. અંગતરીતે આત્મિય નાતો ધરાવનારા, નિષ્ઠાવાન મિત્રને ગુમાવવાનું દુઃખ છે."

**- શ્રી નટવરભાઇ દેસાઇ**
**(ચેરમેનશ્રી, પી.એન.આર. સોસાયટી, મુંબઇ)**

'સમાજના છેવાડાંના લોકો અને વિકલાંગ બાળકોની જરૂરિયાતને પહોંચી વળવા, આપણી એક પછી એક સંસ્થાઓની સ્થાપના અને તેનો વિકાસ કરવામાં સ્વ. અનંતભાઈ રાવળે જીવનભર સંઘર્ષ કર્યો. જેના પરિણામે દેશભરના લાખો દિવ્યાંગો માટે આશાકિરણ સમા આપણી આ સંસ્થાઓના સંકુલ, અસ્તિત્વમાં આવ્યાં છે, તે ભૂલી શકાશે નહીં.'

**- પી.એન.આર. અને સંલિગ્નત સંસ્થાઓના શોક ઠરાવમાંથી...**

'વેસ્ર્ટન રેલ્વે એમ્પલોયિઝ યુનિયન અને પેન્શનર્સ એસોસિએશનમાં સક્રિય રીતે જોડાયને, અનેક લડતોની આગેવાની લીધી હતી.'

**- I.R.P.A.**

'વડિલ અન્તુભાઈ રાવળે સમાજ માટે કરેલાં કાર્યો માટે, ભાવનગરની જનતા હરહંમેશ ઋણી રહેશે.'

**- એક્સેલ ક્રોપ**

'અન્તુભાઈ રાવળના નિધનથી સેવાક્ષેત્રમાં ભારે ખોટ પડી છે. આવા વિનમ્ર, સાલસ, પ્રજાસેવકના નીધનથી 'પરિવાર' દુઃખની લાગણી વ્યકત કરે છે.'

**- શિશુવિહાર**

'સ્વ. અનંતભાઈ રાવળની અથાગ સૂઝ, સામાજિક ભાવના અને સાત્વિક મનોવૃત્તિ અનેરી હતી.'

**- વિકાસ ગૃહ ટ્રસ્ટ**

'સંસ્થાના માનદ્ મંત્રી અને ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સરાહનીય સેવા આપી છે.'

**- કે. કે. અંધ ઉધોગ શાળા**

'ભાવનગર બધિર મંડળ પરિવારે વેદનાની અનુભૂતિ કરેલ છે.'

**- ભાવનગર બધિર મંડળ**

'તેઓ અનેક સંસ્થાના આધાર હતાં અને લોકોના સાથી હતા. 'અંકુર' શાળા શરુ કરવાથી, આજ સુધીના વિકાસ પાછળ તેમનો સહયોગ રહયો છે.'

**- 'અંકુર' એમ. આર. શાળા**

'અનંતભાઈ રાવળના અચાનક દેહાંતથી શોકની લાગણી વ્યકત કરીએ છીએ.'

**- પી.એ.ટા.**

'૯૧ વર્ષની ઉંમરે પણ કામનો તરવરાટ, છેવટ સુધી એવોને એવો જ રહયો. મ્યાનમાં છુપાયેલી તલવાર પ્રમાણે અન્તુભાઈનું અસામાન્યપણું સામાન્યપણામાં છુપાયેલું હતું.'

**- ભારત સેવક સમાજ, સુરેન્દ્રનગર**



અનંત ત્રિપુટી





પ્રાર્થના સભા... તા. ૧૮-૯-૨૦૧૭



સ્વ. ની પ્રાર્થના સભામાં શોકમગ્ન પરિવાર



ક્લેરહિક્સ (ઈમ્પેક્ટ યુ.કે.) સાથે...


જિંજર વિલ્સન સાથે...


સમાજ સુરક્ષા નિયામક સાથે...


સાથી કાર્યકર્તાઓ સાથે...


બાંગ્લાદેશ પ્રવાસમાં...


'નટરાજ' ભૂમિપૂજન કાર્યક્રમમાં...



કૉન્ફરન્સ રૂમના ઉદ્ઘાટનમાં...


છાત્રાલયમાં રૂમના દાતા તરીકે...



પી.એન.આર. સોસાયટીના નામકરણ પ્રસંગે


દરબારગઢ વોર્ડ નવજવાન સંઘમાં...


કુસુમબેનના સમારોહમાં વકતવ્ય આપતાં...


કચ્છ-ભૂજ ધરતીકંપમાં મહેમાનો સાથે...


સાથી કાર્યકરો સાથે...


પોલિયો નાબુદિ અભિયાનમાં...



પોલિયો વોર્ડના ઉદ્ઘાટનમાં...


નેશનલ ટ્રસ્ટના એવોર્ડ સમારોહમાં...


એવોર્ડ પ્રાપ્તિ કાર્યકરો સાથે...

# દિવ્યાંગો દ્વારા ૭૧મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



'નટરાજ સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની શાળા' દ્વારા, નટરાજ કોલેજ ખાતે આવેલ, શાળાના પ્રાંગણમાં તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ વિકલાંગ બાળકો દ્વારા **સ્વાતંત્ર્ય પર્વ** ની ભવ્ય ઉજવણી થઈ હતી. કાર્યક્રમની શરુઆતમાં, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી, ધ્વજવંદન માટે નિમંત્રણ આપેલ. ત્યારબાદ સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાના વરદ્ હસ્તે, **ધ્વજવંદન** કરવામાં આવ્યું હતું. તથા તેઓશ્રીએ **આઝાદીનો મહિમા અને ફરજ** પર, પ્રસંગોચિત વકતવ્ય આપેલ હતું. ધ્વજવંદન પરેડનો કમાન્ડ, શ્રી લાલજીભાઈ પંડયાએ સંભાળેલ હતો. સંસ્થાના મગજના લકવાવાળા બાળકો, વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ વગેરેએ, રાષ્ટ્રગાન સાથે, રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સંસ્થાના શ્રી બાબાભાઈએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે, અંધશ્રધ્ધાભર્યા વિચારો અને બેદરકારીથી પણ મુકત થવાની ટકોર કરતાં, જણાવેલ કે, 'શિતળા જેવા રોગ અને વિકલાંગતા કોઈ દૈવી અભિશાપ નથી, જાગૃતિ અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા નિવારી શકાય છે.' આ પ્રસંગે સર્વ શ્રી અશ્વિનભાઈ પંડયા, મફતભાઈ, કિરીટભાઈ રાઠોડ, હર્ષકાંતભાઈ રાખશિયા, પારસભાઈ શાહ, મનસુખભાઈ સોરઠિયા, ઈલાબેન શાહ, હાઈટેક સ્કૂલનો સ્ટાફ ઉપસ્થિત રહેલ. ઉપસ્થિત મહાનુભાવોએ, **'બચપન કોર્પસ ફંડ'** માંથી દિવ્યાંગ બાળકોને વ્હીલચેર, ઓર્થોસિસ ઉપકરણ, એજયુકેશન કીટ, સ્પિચ કીટ, ટ્રાયસિકલ, યુનિફોર્મ, અને ડે કેર સેન્ટરમાં કીટ સહાય વિતરણ કરેલ હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતી.

### નંદ ઘેર આનંદ ભયો
### જય કનૈયાલાલ કી

# કૃષ્ણ જન્મોત્સવ ઉજવણી

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલમાં નટરાજ ઓડિટોરિયમમાં, વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો સર્વશ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી અચ્યુતભાઈ વગેરે ટ્રસ્ટીગણ, દિવ્યાંગ બાળકો, વાલીઓ, વિશિષ્ટ શિક્ષક, પી.એન.આર. સોસાયટીના શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી એચ.પી. રાખશિયા, શ્રી કિરીટભાઈ રાઠોડ તથા અંબિકાબેન ટેકરીવાલ, શ્રી અનુરાધાબેન ટ્રસ્ટીગણ વગેરેની ઉપસ્થિતમાં **કૃષ્ણ જન્મ ઉત્સવ**ની રંગારંગ ઉજવણી થયેલ હતી જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, ક્રિષ્ણલીલા, વેશભૂષા, મટકીફોડ જેવાં કાર્યક્રમો દ્વારા ગોકુળિયુ ગામ જેવી અનુભૂતિ થતી હતી. પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ અને શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી




જયોતિબેન પરમાર વિગેરે વિશિષ્ટ શિક્ષકોની જહેમતથી કાર્યક્રમ ભકિતપૂર્ણ -આનંદપૂર્ણ રીતે સંપન્ન થયેલ.



# સંક્ષિપ્ત સમાચાર

જિજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. નટરાજ સી.પી. સ્કૂલના બાળકોએ બનાવેલ વસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ :-

તા.૨૭-૭-૧૭ને ગુરુવારના રોજ સિહોર ખાતે,શ્રી પરશુરામ બળવંત ગણપુલે મહિલા મંડળ દ્વારા, નટરાજ સી.પી. સ્કૂલના બાળકોએ બનાવેલ વસ્તુઓ જેવી કે રાખડી, મીણબત્તી, કેન્ડલ સ્ટેન્ડ, સોપારીના ગણેશજી જેવી વિવિધ વસ્તુઓના પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવેલ. જેમાં આપણી સ્કૂલના ૪ બાળકો તથા ૨ શિક્ષકોએ ભાગ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતાએ કરેલ.

### ૨. નટરાજ સી.પી. સ્કૂલનાં બાળકો માટે કે.લાલ જાદુગરનો શો :-

તા.૨૯-૭-૧૭ ને શનિવારના રોજ રોટલા ગ્રુપ દ્વારા નટરાજ સી.પી. સ્કૂલનાં બાળકોને યશવંતરાય નાટયગૃહ ખાતે કે.લાલ જાદુગરનાં શો બતાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જે નિહાળી બાળકો તથા સ્ટાફ ખુબ જ આનંદિત થયા હતાં. ત્યારબાદ બાળકો માટે ભોજનની પણ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજનમાં રોટલા ગ્રુપનાં સભ્યોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. તેમજ પી.એન.આર. સોસાયટીના આસિ. સી.ઈ.ઓ. પારસભાઈ શાહ તથા શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ સ્ટાફે સરસ કામગીરી કરેલ હતી.

### ૩. નટરાજ સી.પી. સ્કૂલના બાળકોની એડવેન્ચર પીકનીક :-

તા. ૩-૮-૧૭ને ગુરુવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલનાં બાળકોની એક સુંદર એડવેન્ચર પીકનીકનું શાળા સમય દરમ્યાન આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોને શ્રી ધાવડી માતાનાં મંદિરનાં દર્શનાર્થે તેમજ ડુંગર પર ટ્રેકિંગનો અનુભવ આપવાનો સુંદર પ્રયાસ કરેલ. ચાલી શકે તેવા બાળકો જેમાં સી.પી. સ્કૂલ, વિકાસ પ્રોજેકટનાં મળીને કુલ ૩૫ બાળકો તથા ૧૦ સ્ટાફે પ્રવાસનો આનંદ માણેલ. બાળકોને કુદરતી વાતાવરણમાં, પહાડોનાં સાનિધ્યમાં, તથા સમુહ ભોજનની સુગંધમાં આહ્લાદક તથા અનેરો અનુભવ પ્રાપ્ત થયેલ. પ્રવાસમાં જવા-આવવા માટે સંસ્થા દ્વારા બસની સુવિધા આપવામાં આવેલ. પ્રવાસને સફળ બનાવવા માટે સી.પી. સ્કૂલનાં પ્રવાસમંત્રી શ્રી જયોતિબેન પરમાર અને વિશિષ્ટ શિક્ષકોએ આયોજન કરેલ.



### ૪. નટરાજ સી.પી. સ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી :-

તા. ૫-૮-૧૭ને શનિવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં લાયન્સ કલબ, ભાવનગર (વેસ્ટ) તથા લાયોનેસ કલબ, ભાવનગરનાં સભ્યશ્રીઓનાં અતિથિ વિશેષ પદે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉમંગોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લાયન શ્રી શૈલેષભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને તથા ઉપસ્થિત સૌ સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનાં અંતે લાયન્સ કલબ (વેસ્ટ) તરફથી સર્વે વિદ્યાર્થીઓને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું. સંસ્થા વતી શ્રી કલ્પનાબેન ભટ્ટે સૌનો આભાર વ્યકત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ. આ ઉપરાંત સી.પી. સેન્ટર, વિદ્યાનગરમાં શ્રી લાભુભાઈ સોનાણી અને શ્રી કિરિટભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં કુમળીવયના ૪૦ દિવ્યાંગ બાળકો, વાલીઓએ ૧૦ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરેલ. શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા, મહુવા, પાલીતાણા અને સિહોર સેન્ટર પર પણ સ્થાનિક કાર્યકરો સાથે દિવ્યાંગ બાળકોએ પવિત્રપર્વની ઉજવણી કરી હતી.


### ૫. ખેલ-મહાકુંભ :-

તા.૨૪-૮-૧૭ને ગુરુવારના રોજ ગુજરાત સરકાર દ્વારા ખેલ-મહાકુંભનું યોજાયેલ તેમાં શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલનાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તેમાંથી ૧,૨,૩ ક્રમમાં ૧૯ વિદ્યાર્થીઓએ નંબર મેળવેલ છે. સંસ્થા પરિવાર તરફથી ખુબ-ખુબ શુભેચ્છાઓ. આ તાલિમ માટે કોચ શ્રી કાર્તિક વ્યાસ, વરુણભાઈ વ્યાસ અને શૈક્ષણિક સ્ટાફે વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને તાલિમઆપી હતી.

### ૬. શિક્ષક દિનની ઉજવણી :-

તા.૫-૯-૧૭ને મંગળવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી દિવ્યાંગ બાળકો દ્વારા કરવામાં આવેલ. એક દિવસ માટે શાળાનાં સંચાલન થી માંડી ને વર્ગખંડમાં ભણાવવા સુધીનો કાર્યભાર સી.પી. શાળાના તથા વિકાસ પ્રોજેક્ટનાં બાળકો દ્વારા સંભાળવામાં આવેલ. વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રીતે પ્રાર્થનાનું સંચાલન થયેલ તેમજ વર્ગખંડમાં પોતાની આગવી શૈલીમાં અલગ -અલગ વિષયો ભણાવીને મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરી દીધેલ. બાળકોએ ખુબજ ઉત્સાહ સાથે પોતાનાં કાર્યમાં સફળતા મેળવેલ. રિસેસ બાદ ધોરણ - ૧ થી ૪ માં ચિત્રસ્પર્ધા અને ૫,૬,૭,૮ માં સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધામાં ૧ થી ૩ નંબર મેળવનારા વિદ્યાર્થીઓને તથા શિક્ષક દિનમાં શિક્ષક તરીકે ભાગ લીધેલા બધા બાળકોને શાળા તરફથી ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ.

### ૭. સ્વચ્છતા અભિયાન :-



તા.૫-૯-૧૭ને મંગળવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં સ્વચ્છતા અભિયાન ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા શાળાનાં પટાંગણ, બગીચા, કેમ્પસ વિ. વિભાગમાં સાફ-સફાઈ કરવામાં આવી. આ અભિયાનમાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છતા ત્યાં પ્રભુતાના વિચારને આવકારી, સ્વચ્છતાના મહત્વની સમજ કેળવી.

## બહેરાં-મૂંગા શાળામાં શિક્ષક દિનની ઉજવણી

'૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન' ને દિવસે બહેરાં-મૂંગા શાળામાં ખૂબજ સુંદર રીતે આ દિવસની ઉજવણી થઈ. પ્રાથમિક શાળાના ધો. ૮ ના કુલ ૩૪ બાળકો અને માધ્યમિક શાળાના ધો. ૧૨ ના કુલ ૧૮ બાળકોએ શિક્ષક બની સુંદર કામગીરી કરેલ. ઉપરાંત સિવણ, ચિત્ર, ક્રાફ્ટ અને કોમ્પ્યુટર તથા રમતના વર્ગોમાં ખૂબ ઉત્સાહથી કામગીરી કરેલ. આ દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. જેમાં શિક્ષક બનેલા બાળકોએ નાના ભૂલકાંને અભિનય કરાવ્યો અને રમતો રમાડી. આખો દિવસ આ બાળકોએ પોતાને સોંપેલી જવાબદારી ખૂબ સંતોષકારક રીતે અને ઉત્સાહથી નિભાવી. ધો. ૮ ના શિવમ પાનસૂરિયા અને ધો. ૧૨ નો અનિલ ધરાજિયાએ આચાર્ય પદની સુંદર કામગીરી કરેલ. વિવેક, વર્ષિલ, જયદીપ તથા વિજયે, પટ્ટાવાળા તરીકે નિષ્ઠાપૂર્વક કામગીરી નિભાવી. શિક્ષક દિનના અંતે મહાવીર ઓડિટોરિયમમાં શિક્ષક બનેલાં બાળકોને, પ્રોત્સાહિત કરવા માટે મેમન્ટો આપી બિરદાવવામાં આવ્યાં. આ પ્રસંગે રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા પૂર્વ શિક્ષક તેમજ પી.એન.આર. સોસાયટીના સક્રિય કાર્યકર એવા, શ્રી કિરીટભાઈ રાઠોડને મુખ્ય મહેમાન તરીકે વિશેષ આમંત્રણ આપવામાં આવેલ.


## બહેરાં મૂંગા શાળામાં યોજાયેલ સ્વાઈન ફ્લૂ અવેરનેસ પ્રોગ્રામ

શાળાના લગભગ ૩૫૦ જેટલાં બાળકો છાત્રાલયમાં રહે છે, હાલ સ્વાઈન ફ્લૂ તેમજ બીજી અનેક બિમારીઓ ફેલાણી છે. સ્વાઈન ફ્લૂ જેવી જોખમી રોગથી કેવી રીતે બચી શકાય ? શું-શું ધ્યાન રાખવું ? તે અંગે બાળકોને વિસ્તૃત માહિતી આપવા માટે શાળાના પૂર્વ આચાર્ય તથા ઈનર વ્હીલ કલબ ભાવનગરના પ્રેસિડેન્ટ શ્રી ચેતનાબેન કોઠારી અને તેની ટીમ દ્વારા શાળાના મહાવિર ઓડિટોરિયમમાં અવેરનેસ પ્રોગ્રામ યોજાયો. સ્વાઈન ફ્લૂ વિશે વિવિધ માહિતી આપવા માટે, સર.ટી. હોસ્પિટલ મેડિકલ કોલેજના વડા શ્રી ડૉ. કૈરવીબેન પધાર્યા હતાં. તેઓએ પી.પી.ટી. દ્વારા ખૂબજ સરળતાથી, તેમજ અસરકારક ઉપયોગી સમજણ આપી. બાળકો સાથે વાતચીત કરતાં-કરતાં તેમણે ખૂબજ મહત્વની જરૂરી માહિતી બાળકોને આપી. આ પ્રોજેક્ટ શાળામાં કરવા બદલ આચાર્યશ્રીએ પધારેલાં ડૉક્ટરશ્રી તથા તેની ટીમ અને ઈનર વ્હીલ કલબનો આભાર માનેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલબેન ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. જાદુની માયાજાળમાં બાળકો ખુશ-ખુશાલ :-



ભાવનગર સ્થિત જૈન સમાજના યુવાન દંપતિઓ પોતાની પોકેટમની બચાવી, **"રોટલા ગ્રુપ"** ચલાવે છે, જે અંતર્ગત તેઓ જરૂરિયાતમંદોને મદદ કરી સેવાકાર્ય કરી રહયાં છે. આ ગ્રુપના મેમ્બરોએ તા. ૨૯-૭-૧૭ ના રોજ બહેરાં-મૂંગા શાળાના બાળકો તથા સ્ટાફને યશવંતરાય નાટયગૃહમાં જાદૂગર કે.લાલ નો શો વિનામૂલ્યે બતાવ્યો તેમજ નાસ્તા અને ભોજનની મિજબાની આપી. જાદૂના ખેલ અને ગરમ-ગરમ સમોસાની લહેજત માણવાની બાળકોને ખૂબજ મજા પડી. સંસ્થા આ ગ્રુપને ખૂબજ અભિનંદન પાઠવે છે તેમજ તેઓનો આભાર માને છે. આ એવું ગ્રુપ છે જે પોતાના સુખમાંથી થોડો ભાગ બીજા જરૂરિયાતવાળા લોકો સાથે વહેંચે છે. આ ગ્રુપનું સેવા કાર્ય અવિરત શરૂ રહે, તેવી સંસ્થા શુભેચ્છા પાઠવે છે.

### ૨. ૬૧ મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી :-

શાળાના રમતના મેદાનમાં ૧૫ મી ઓગસ્ટ **"સ્વાતંત્ર્યદિન"** ની ઉજવણી કરવામાં આવી. શાળાના છાત્રાલયના કર્મચારી શ્રી સવિતાબેનને હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગને તેઓએ, પોતાના જીવનનો સર્વોત્તમ ઉપહાર જણાવ્યો હતો. ધ્વજારોહણ પછી સૌ મોં મીઠું કરી છૂટાં પડેલ.

### ૩. ICT કાર્યક્રમ સેમિનાર-2 :-

તા. ૩-૯-૧૭ ના રોજ નટરાજ રિસર્ચ સેન્ટર ખાતે, **ICT સેમિનાર-2** આયોજિત થયેલ. જેમાં શાળાના શિક્ષકશ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામી, શ્રી યોગેશભાઈ ગોસ્વામી, શ્રી કવિતાબેન શાહ, શ્રી દયાબેન, શ્રી દર્શનાબેન, શ્રી ધ્રુવીબેન તથા કમ્પ્યૂટર વિભાગના શ્રી રાજેશભાઈ પટેલ અને શ્રી પદમાબેન ભલગામિયાએ આ સેમિનારમાં ભાગ લઈ ઉપયોગી માર્ગદર્શન મેળવેલ.

### ૪. નવરાત્રી મહોત્સવ :-



શાળાના બાળકો અને શિક્ષક દ્વારા નવરાત્રી ઉત્સવ સુંદર રીતે ઉજવાયો. શાળાના દરેક વર્ગના બાળકોને શિક્ષકો દ્વારા પ્રાચીન-અર્વાચીન રાસ અને ગરબાની કૃતિ તૈયાર કરાવી, દરેક નોરતે તેની રજૂઆત કરવામાં આવી, જેનો સૌએ ભરપૂર આનંદ માણ્યો અને માતાજીની ભકિત કરી.

### ૫. વિશ્વ બધિર દિન :-





શ્રવણમંદ બાળકનું સમાજમાં સારી રીતે પુનઃસ્થાપન થાય અને તે માટે સમાજનો ફાળો મળે, તથા સમાજ જાગૃત બને તે હેતુથી શાળામાં તા.૨૬-૯-૧૭ ના રોજ **"વિશ્વ બધિર દિન"** ની ઉજવણી કરવામાં આવી. આ દિવસે ગામડાંઓની વિવિધ શાળાઓના બાળકો તથા શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરાઈ.

## ૬. જન્મદિવસની ઉજવણી :-



શાળાના શિક્ષિકા શ્રી દક્ષાબેન સવજીયાણીના મોટાબેન, શ્રી જસુબેન રમણીકલાલ તન્નાના સુપુત્રી સ્વ. શ્રી દિપ્તીબેન ભરતભાઈ આગલાણીનું અચાનક અકાળે દુઃખદ અવસાન થયેલ. તેઓના જન્મદિવસે (તા.૨૭-૭-૧૭) તેઓની સ્મૃતિમાં, તેમના માતા-પિતા તરફથી શાળાના તમામ બાળકોને દૂધ પૌવા, મગ, કેક અને નાસ્તો આપેલ.

## ૭. સ્માર્ટ બોર્ડ વિશે જાણકારી :-



૫ મી સપ્ટેમ્બર ના રોજ શાળાના શિક્ષકોને સ્માર્ટ બોર્ડ અને તેના ઉપયોગ વિષે માહિતી આપવામાં આવી. શ્રવણમંદ બાળકોના શિક્ષણમાં ખૂબજ ઉપયોગી એવા, આ બોર્ડના ઉપયોગ માટે સૌ શિક્ષકો માહિતગાર થયેલ. શ્રી યોગેશભાઈ ગૌસ્વામી અને તેની ટીમે માહિતી આપેલ.

## ૮. સંસ્થાની મુલાકાતે :-

૧. **MSW** ના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ શાળા મુલાકાતે આવ્યાં હતાં અને દરેક પ્રવૃત્તિઓને ખૂબજ રસથી નિહાળી હતી.

૨. **MR**, **TTC** તથા **C.P.**, **TTC** ના વિદ્યાર્થીઓ શાળાની મુલાકાતે આવ્યાં હતાં. દરેક વિભાગના કાર્યની નોંધ કરેલ.

૩. અંકુર શાળાના બાળકો અને શિક્ષકો શાળામાં દરેક વર્ગમાં રહેલાં નવનીતના એજયુકેશન સોફ્ટવેર **"e-Sense"** ની જાણકારી માટે આવ્યાં હતાં. જેઓને જરૂરી માર્ગદર્શન શાળા દ્વારા અપાયેલ.

## ૯. કઠપૂતળી ખેલ:-

તા. ૨૪-૮-૧૭ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં બાળકોના મનોરંજન માટે, કઠપૂતળીના ખેલનું આયોજન થયેલ. નાચતી-કૂદતી કઠપૂતળીઓ જોઈને, નાના બાળકો પ્રફૂલ્લિત બન્યાં હતાં.

## ૧૦. ભેટ :-

વેદાંત મેહુલભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે, પિતા મેહુલભાઈએ, શાળાના દરેક બાળકને પેન્સિલ-પેન ભેટ આપેલ. તેમજ હીયરિંગ એઈડ કોપર્સ ફંડમાં રૂા. ૫,૦૦૦/- નું અનુદાન આપેલ.

## ૧૧. RPWD Act 2016 વિશે શ્રી કિરીટભાઈ રાઠોડનું વકતવ્ય :-



શાળાના મહાવીર ઓડિટોરિયમમાં પી.એન.આર. સોસાયટીના જોઈન્ટ સેક્રેટરી શ્રી કિરીટભાઈ રાઠોડનું RPWD Act 2016 વિષયગત માર્ગદર્શક વકતવ્ય રાખવામાં આવ્યું હતું. વિશિષ્ટ બાળકોની સંસ્થામાં કામ કરતાં આપણી શાળાના કર્મચારીઓ માટે RPWD Act ની માહિતી અત્યંત ઉપયોગી અને જરૂરી હોઈ, આ જાણકારી શિક્ષકોને મળી રહે તે હેતુથી શ્રી કિરીટભાઈ રાઠોડનું આ વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું. શ્રી કિરીટભાઈએ ખૂબજ સરળ શબ્દોમાં અને વિવિધ ઉદાહરણોનો સંદર્ભ લઈ, RPWD Act 2016 વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી જાણકારી આપેલ. આ એકટ અંતર્ગત કંઈ-કંઈ વિકલાંગતાઓનો સમાવેશ થયેલ છે, તેનો ચિતાર આપ્યો અને તે અનુસંધાને સરકારે શું-શું જોગવાઈઓ કરેલી છે? તેની વિસ્તૃત માહિતી આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબેન શાહે કરેલ, શ્રી લીલાબેને શ્રી કિરીટભાઈને મેમેન્ટો આપી અભિવાદન કરેલ, તેમજ શ્રી અશોકભાઈ ખાટસૂરિયાએ કાર્યક્રમની આભારવિધિ કરેલ.




# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. રક્ષાપર્વની ઉજવણી :-



તા.3/૮ ના રોજ આમંત્રિત મહેમાનો, સ્ટાફ તથા બાળકો દ્વારા રક્ષાપર્વની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીનીના શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના માનદ્‌મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવેલ. વિદ્યાર્થીની શ્રી મિનલ રાઠોડે રક્ષાબંધન વિશે સુંદર વકતવ્ય આપેલ. શાળાની મંદબુધ્ધિ બાળાઓ દ્વારા મહેમાનો અને ટ્રસ્ટીશ્રીઓને તિલક કરી, રાખડી બાંધી, મોં મીઠું કરાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી તરૂણભાઈ વોરા (ચેરમેન, શિહોર નાગરિક સહકારી બેંક), શ્રી વિવેકભાઈ શાહ, શ્રી ભવનેશભાઈ મહેતા, શ્રી ભરતભાઈ નાકરાણી, રોટરી રોયલના સભ્યશ્રીઓ, શાળાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.

### ૨. જન્માષ્ટમીપર્વની ઉજવણી :-

તા.૧૧/૮ ના રોજ હર્ષોઉલ્લાસભર્યા વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીની ત્રિવેદી ધારાની પ્રાર્થના બાદ, ટ્રસ્ટી શ્રી દેવલભાઈ શેઠ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવેલ. શાળાના બાળકો, તેમજ સ્ટાફ દ્વારા મટકીફોડ કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકોને રાસ રમાડવામાં આવેલ. આ પ્રસંગે શેઠ બ્રધર્સવાળા શ્રી દેવલભાઈ શેઠ, તેમના પરિવારના સભ્યો તથા વજુભાઈ રાઠોડ અને ચંપાબેન



રાઠોડ, તેમજ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. વિશેષમાં વજુભાઈ રાઠોડ પરિવાર દ્વારા સંસ્થાને રૂા. ૫૧,૦૦૦/- નું માતબર અનુદાન પ્રાપ્ત થયેલ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે, તેમજ આભારવિધિ શ્રી હરદીપભાઈ કામળિયાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરીવારે સરાહનિય કામગીરી કરેલ.

### ૩. જન-જાગૃતિ કાર્યક્રમ:-

તા.૧૨/૮/૧૭ ના રોજ સ્વામીનારાયણ ગુરુકુળ (સરદાર-નગર) ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને મંદબુધ્ધિ એટલે શું ? કારણો, લક્ષણો, તેને અટકાવવાના ઉપાયો, તેમજ અંકુર શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, માહિતી પુરી પાડવામાં આવેલ. આ જન-જાગૃતિ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયા, શ્રી આરીફભાઈ જેઠવા ઉપસ્થિત રહેલ.

### ૪. જાતિય વર્તન સમસ્યા અંગે માર્ગદર્શન શિબિર :-

શાળા ખાતે, શાળામાં તાલિમ મેળવતાં મંદબુધ્ધિના બાળકોના વાલીઓ માટે તા. ૫ થી ૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન, બે દિવસીય જાતિય વર્તન સમસ્યા અંગે માર્ગદર્શન શિબિર યોજાયેલ. જેમાં સર ટી. હોસ્પિટલ માનસિક રોગ વિભાગના વડા ડૉ. ભરતભાઈ પંચાલ, તેમજ શ્રી ઋષિભાઈ દેસાઈ, ડૉ. કિંજલબેન તેમજ ડૉ. રાધિકાબેન મુખર્જી ઉપસ્થિત રહી, મંદબુધ્ધિ બાળકોની જાતિય


સમસ્યાઓ અંગે સરળ અને રસપ્રદશૈલીમાં માહિતી પુરી પાડેલ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે વાર્તાલાપ કરેલ. આ બે દિવસીય શિબિરમાં બહોળી સંખ્યામાં વાલીઓ, તેમજ ટ્રસ્ટી શ્રી ડી. જે. ધંધુકિયા, શ્રી વિનુભાઈ હકાણી તથા પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ એ. શાહ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા કરવામાં આવેલ.

### ૫. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :-

શાળા ખાતે આન-બાન અને શાનની સાથે, સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. શહેરના જાણીતા ડૉ. શ્રી કિશોરભાઈ શેઠના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. આ પ્રસંગે S.B.I. કર્મચારી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી જનાર્દનભાઈ ભટ્ટ, તેમજ ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીગણ અને બાળકો ઉપસ્થિત રહેલ. ધ્વજવંદનવિધિ શાળાના શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયાએ કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ કરેલ.

### ૬. સ્પે. ખેલ-મહાકુંભમાં શાળાની સિધ્ધિ :-

તા. ૨૪/૮ ના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સિદસર ખાતે આયોજીત જિલ્લાકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટીકસ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ, ૧૦ બાળકોએ પ્રથમ સ્થાન, ૧૯ બાળકોએ દ્વિતીય સ્થાન તેમજ ૧૬ બાળકોએ તૃતિય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કરેલ.



# PNR ની મન્થલી મીટિંગ



PNR સોસાયટી વિકલાંગોના શિક્ષણ, તાલિમ, નિદાન, સારવાર, પ્રિવેન્શન અને પુનઃસ્થાપન માટે કાર્યરત છે. આ માટે સંસ્થામાં વિવિધ વિભાગો જેવા કે, સી.પી. સ્કૂલ, હોસ્પિટલ, કોલેજ, હોસ્ટેલ, વિગેરેમાં આ પ્રવૃત્તિઓ વહેંચવામાં આવી છે. જેમાં શારીરિક ખોડ, અંધત્વ, શ્રવણમંદ, સેરેબ્રલ પાલ્સી જેવી વિકલાંગતા ધરાવતાં ભાઈઓ-બહેનો, અહીંના વિવિધ વિભાગોમાં પોતાની જરુરિયાત અનુસાર લાભ મેળવે છે. પી.એન. આર. સોસાયટીમાં ૧૦૦ થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોના અનુભવી કાર્યકરો પણ અહીં માનદ્ સેવા આપવા આવે છે. જુદા-જુદા વિભાગોમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે. આ પ્રવૃત્તિઓ કેટલાં પ્રમાણમાં થઈ? કેવી રીતે લક્ષ્યાંકો પાર પાડવામાં આવ્યાં? કેવી સિધ્ધિઓ પ્રાપ્ત થઈ? તેનો ટુંકો અહેવાલ દર મહિને, દરેક વિભાગ દ્વારા તૈયાર કરી  દર મહિનાના બીજા મંગળવારે યોજાતી, મન્થલી મીટિંગમાં વિભાગીય વડા દ્વારા રજુ કરવામાં આવે છે. આમ થવાથી સમગ્ર PNR સોસાયટીના તમામ વિભાગીય વડાને અરસપરસ માહિતી પ્રાપ્ત થાય છે, તેમજ ઉચ્ચ કક્ષાએ આખા મહિનાનો અહેવાલ એક જ દિવસે મળી જાય છે. છેલ્લાં ૩ વર્ષથી આ મન્થલી મીટિંગનું સંચાલન સંસ્થાના સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ કરી રહયાં છે. જેમાં મીટિંગ પહેલાં દરેક વિભાગોને સરક્યુલર મોકલવા, ફોલોઅપ લેવું વિગેરે કાર્યવાહી શ્રી કિરીટભાઈ રાઠોડ નિયમિતપણે કરી રહયાં છે, જે પ્રસંશનીય છે. મીટિંગ દરમ્યાન સંસ્થાના મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) વિભાગીય વડાઓને ઉપયોગી માર્ગદર્શન આપે છે. સંસ્થાના અન્ય ટ્રસ્ટીગણશ્રી મફતભાઈ, શ્રી એચ. પી. રાખશિયા, શ્રી પારસભાઈ વિગેરે પણ આ મીટિંગમાં ઉપસ્થિત રહે છે અને તેમના અભિપ્રાયો આપે છે. મીટિંગ દરમ્યાનની મીનિટસ શ્રી કૌશિકભાઈ પરમાર તૈયાર કરે છે, જે શ્રી કિરીટભાઈ રાઠોડ મારફત તમામ વિભાગોને ફોલોઅપ માટે મોકલી આપવામાં આવે છે.

**- કૌશિક પરમાર**

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧-૮-૨૦૧૭ થી ૩૦-૯-૨૦૧૭ સુધી (80-G) નીચે રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

| | |
|---|---|
| M/S. Lion Club Bhavnagar(west) Bhavnagar | 7,000 |
| Shri Vallbh Yuth Organization - Bhavnagar | 5,000 |
| Shri Harshakantbhai P. Rakhashiya-Bhavnagar | 5,000 |
| Shri Hemendra Kothari Foundation-Mumbai | 500,000 |
| Shri M. K. Sheth Charity Trust - Mumbai | 25,000 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 50,000 |
| M/S. Hind Corporation - Mumbai | 51,000 |
| Shri Jignaben A. Shah - Bhavnagar | 1,000 |
| Shri Nareshkumar Himatlal Sheth - Bhavnagar | 1,001 |
| Shri Prashant Ramjilal Meena - Bhavnagar | 1,100 |
| Shri Manav Jagruti Foundation - Banglore | 10,000 |
| Shri Valia Shubh Trust - Mumbai | 11,111 |
| Shri Bharatbhai Shamjibhai Parekh - Mumbai | 65,000 |
| Shri Hansaben Narendrabhai Valia - Mumbai | 30,000 |
| Dr. Bhupatbhai Chhotalal Mehta - Bhavnagar | 10,000 |
| Shri Maniben M.Gandhi Charitable Trust - Mumbai | 50,000 |
| Shri Viren Rajanikant Mody - Mumbai | 11,000 |
| Shri Ashok Dhirajlal Dalal - Mumbai | 10,000 |
| Shri Bimal Dilip Diwan Huf - Mumbai | 21,000 |
| Shri Sanjay Kishandas Jadwani - Hydrabad | 25,000 |
| Shri Mahendrabhai Uttamchand Shah - Bhavnagar | 1,000 |
| Shri Narharibhai Lakshmichand Doshi - Surat | 1,500 |
| Shri Shuresh C.Doshi - Mumbai | 50,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF

| | |
|---|---|
| M/S. Laxmibai Dwarkadas Charity Trust-Mumbai | 50000 |
| Shri Manjuben Joshi - Bhavnagar | 2000 |
| Late. Rasilaben Mahendrabhai Shah - Mumbai | 1001 |
| Shri Bindiben Trivedi - Bhavnagar | 3880 |
| Shri Harshaben Pravinchandra Shah-Bhavnagar | 4000 |
| Lt. Sudhirbhai Parshotamdas Mandora - Bhavnagar | 2500 |
| Shri Pareshbhai Prafulbhai Sorathiya - Kutchh | 3500 |
| Shri Nirmalaben K Mehta - Bhavnagar | 15000 |
| Shri Himmir Shah - Mumbai | 10000 |
| Shri V. N. Patel Charities - Mumbai | 15000 |
| Shri Falakbhai Vinodbhai Gajera - Bhavnagar | 15000 |
| Smt.Dayaben Girijashakar Sheth Trust-Mumbai | 111000 |
| Shri Niranjan Kantilal Kothari - Nasik | 10000 |
| Shri Kiranben Yahswantray Oza - Bhavnagar | 30000 |
| Shri Pannaben Shah - Mumbai | 7500 |
| Shri Poojaben Gosaliya - Mumbai | 7500 |
| Shri Ashwinkumar G. Pandya - Bhavnagar | 51000 |
| Late. Jayotiben J. Patel - Bhavnagar | 11000 |
| Shri Tanish Purushwani - Bhavnagar | 5000 |
| Shri Mridul Ramesh Jain - Mumbai | 81000 |
| Shri Kinjal Bhayani - Bhavnagar | 1000 |
| Shri Ranjanben Parikh - Bhavnagar | 3000 |
| Shri Parth Pravinbhai Dhameliya - Botad | 2000 |
| Shri Mahendrabhai Uttamchand Shah-Bhavnagar | 1000 |
| Shri Milan Chandrakantbhai Vyas - Bhavnagar | 3600 |
| Jamnadas Prabhashankar & Gulab Jamnadas Sheth Charity Trust - Mumbai | 25000 |
| Shri Vinaybhai Desai - Mumbai | 10000 |
| Kusum Rehabiliation Centre - Junahadh | 5000 |
| Shri Sheetalben Soni - Bhavnagar | 1000 |
| Sadhana Textiles Mills Pvt.Ltd - Mumbai | 25000 |
| Shri Heena Y. Shah - Mumbai | 30000 |
| Shri Virbhadrasinh Chudasama - Bhavnagar | 5000 |
| Shri Pravinaben K Parmar - Bhavnagar | 1085 |
| Shri Nareshbhai Sureshchandra Deliwala - Surat | 2500 |
| Shri Pramodbhai Bhatt - Bhavnagar | 7000 |
| Shri Ashwainbhai K Shah - Bhavnagar | 2555 |
| Shri Mukund K Goradiya - Mumbai | 2500 |
| Shri Vipan Jain - Bhavnagar | 5000 |
| Dipti Nilkanthan - Mumbai | 15000 |
| Shri Kirithai Nanavati - Mumbai | 1000 |
| Lt.Jasumatiben Vrujlal Mehta - Mumbai | 14000 |
| Shri Jayshriben Patel - Mumbai | 4500 |
| Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10000 |
| Shri Chandraben Ichhalal Shah - Bhavnagar | 3000 |
| Shri Narendrabhai Mahendrabhai Trivedi - Bhavnagar | 11000 |
| Shri Hinal P. Shah - Mumbai | 4000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| M/S. Rotary Royal Club - Bhavnagar | 10300 |
| Shri Alumparambil Mathai Kuriyakose (PGVCL) - Bhavnagar | 5001 |
| Shri Faizulla Ghaiwadvala - U. K. | 5000 |
| Shri Tarunkumar Kapoorchand Vora - Bhavnagar | 5000 |
| Shri Kishorbhai Patel - Bhavnagar | 5000 |
| School Perents - Bhavnagar | 2921 |
| Shri Kamleshbhai Sheth - Bhavnagar | 2500 |
| Dr. Kishorbhai H. Sheth - Bhavnagar | 2500 |
| Shri Arvindkumar M. Bhatt - Bhavnagar | 1500 |
| Late Manchaben Chimanlal Gandhi (By. P.C.Gandhi) - Bhavnagar | 1500 |
| Shri Himalbhai Pandya - Bhavnagar | 1100 |
| Late Ranjanben Jayendrabhai Doshi - Bhavnagar | 1100 |
| Shri Mahendrakumar Uttamchand Shah-Bhavnagar | 1000 |
| Shri Dharm Nandishbhai Maniyar - Bhavnagar | 1000 |



# નવરાત્રી મહોત્સવની ઉજવણી



પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના ઉપક્રમે તા. ૨૮-૯-'૧૭ ને ગુરુવારે રાત્રિના ૮:૦૦ થી ૧૧:૦૦, તમામ સંસ્થાઓના બાળકો, સ્ટાફ, ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓએ સપરિવાર, અંધશાળાના વિશાળ ગ્રાઉન્ડમાં ઓરકેસ્ટ્રાના સહારે, **દાંડિયા રાસ**નો કાર્યક્રમ માણ્યો હતો. આ પ્રસંગે, ટ્રેડિશનલ ડ્રેસમાં રમનાર બાળકો તથા કર્મચારી ભાઈઓ-બહેનો વિગેરેને પ્રોત્સાહક ઈનામો અપાયાં હતાં.













Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 October - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com